Acknowledgement

# • નિવેદન

કોલેજ કાળથી જ નક્કી કરી લીધું હતું કે નામ આગળ ડૉક્ટર લગાવવું જ છે. મારાં આ સ્વપ્નને પ્રોત્સાહન મળ્યું બી. એ. અને એમ.એ.ના અભ્યાસ દરમ્યાન એમ.એસ.યુનિવર્સિટીનાં શિક્ષકોનાં માર્ગદર્શન દ્વારા. એમ.એ.ના અભ્યાસક્રમની રૂપરેખાના આધારે નહી, આભારે નવલકથા સ્વરૂપનો વિસ્તારથી અભ્યાસ કરવાની તક મળી. અનેક મૂંઝવણો લઈને વારંવાર વિભાગના અધ્યાપકોને મળવા જતી. મારી આ બધી મૂંઝવણો દૂર કરવા બદલ અને નવા નવા માર્ગો ચીધવા બદલ હું, મ.સ.યુનિવર્સિટી, ગુજરાતી વિભાગના તમામ ગુરૂજનોની આ ક્ષણે આભારી છું. એમ.એ.નો અભ્યાસ પૂરો થયો અને સમય આવ્યો મારાં સ્વપ્ન તરફ આગળ વધવાનો. પરંતુ એમ.એ. પછી પીએચી.ડી. કરવું કેવી રીતે? તે માર્ગ હજી મારા માટે ધૂંધળો હતો. પ્રથમ પગથિયું દેખાતું ન હતું. વિભાગમાં જવાથી કંઈક તો પ્રાપ્તિ થશે જ એવી આશા સાથે વિભાગમાં જવા ડગ માંડયો. તે ક્ષણે જે આવકાર મળ્યો તેણે મને મારો માર્ગ દેખાડયો. કોલેજમાં ભણતી હતી ત્યારથી પ્રો. નીતા ભગતનું વ્યક્તિત્વ મને વારંવાર સ્પર્શતું હતું. એમ.એ.ના એ વર્ગને હું ક્યારેય નહી ભૂલી શકું, જેમાં પ્રો. નીતા ભગતે 'કોશેટો' નવલકથાની ભાષાશૈલી વિશે મોકળાશથી વાત કરી હતી. તેમને મળી અને તેમની સાથે આ વાતની ચર્ચા કરી. મારી સાથે ચર્ચા કરતા કરતા મારા રસના વિષયો કળી જઈને તેમણે મને કેટલાક વિષયો સૂચવ્યા. ઘણું ઘણું વાંચવાનું સૂચન કર્યુ. આ હતું પ્રથમ પગથિયું. તેમનાં માર્ગદર્શનથી વાચન-રસ વધતો ગયો અને સમય આવ્યો કસોટીનો. મારી પાસે ગુજરાતી નવલકથાની ભાષાશૈલી વિશે નોંધો કરાવી મને ચકાસી. આ કસોટીમાંથી પાર પડી અને તેમનાં માર્ગદર્શન હેઠળ મને સંશોધન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

"ગુજરાતી સાહિત્યની ચૂંટેલી નવલકથામાં ભાષાકર્મની વિચારણા."વિષય અંતર્ગત અભ્યાસ કરવાનું વિચાર્યું. ગુજરાતી નવલકથાની શરૂઆતથી આજ સુધી ભાષા નવલકથાને આગવું રૂપ આપવામાં સહભાગી બની છે છતાં નવલકથામાં ભાષાકર્મની ચર્ચા કરતા કેટલા

લેખો સાંપડે છે? આ પ્રશ્ન સતત મારા મનમાં ઊઠતો હતો. આથી રસ-રુચિને ધ્યાનમાં રાખી મેં આ વિષયમાં સંશોધન કરવાનું વિચાર્યું. ભાષા પણ સંસ્કૃતિનું આવશ્યક અંગ હોવાથી યુગ બળોને ઝીલનારી આ ભાષા નવલકથામાં કયાં પરિબળોને આધારે બદલાતી રહી તે જાણવું પણ આવશ્યક હતું. આથી આ સંશોધનમાં મેં સુધારકયુગથી લઈને આજ સુધી એટલે કે અનુઆધુનિકયુગ સુધીની ગુજરાતી નવલકથાની ભાષાને તપાસવાનો ઉપક્રમ રાખ્યો.

સમય આવ્યો મારી સંશોધન યાત્રાનો. આ યાત્રા વિચારતી હતી તેટલી સરળ ન હતી! વાંચવાની શરૂઆત તો કરી પરંતુ પુસ્તકો મળે તો માર્ગ ન મળે અને માર્ગ મળે તો મારી પેન ન ચાલે. શું કરવું? કેવી રીતે લખવું? આ બધા પ્રશ્નો અને અનેક મૂંઝવણો સાથે એક પછી બીજો એમ દિવસ પસાર થતા ગયા. બધા જ પ્રશ્નો માર્ગદર્શક પાસે જતા ઉકેલાઈ જતા તેમ નહી કહું. પરંતુ મારામાં ગડમથલ કરતા આ બધા પ્રશ્નો માર્ગદર્શક સમજી જતા અને તેને ઉકેલવાનો માર્ગ ચીંધતા. ખૂબ ચોકસાઈ અને સંશોધનમાં ઊંડાણનો આગ્રહ રાખનારા મારા માર્ગદર્શક મારા સંશોધનની ઝીણામાં ઝીણી બાબતમાં રસ લેતાં. કોઈ ઉકેલ શોધી લાવું તો તરત પ્રોત્સાહન આપતા. મનમાં સંશોધનને લગતી કોઈ ગૂંચવણો ઊભી થાય તો તેને તરત દૂર કરતા. કોઈ પણ સમયે તેમની પાસે મારી મૂંઝવણો લઈને જઈ શકતી આવો આત્મીય પરિવેશ ક્યાં સાંપડે! સંશોધનના પહેલા દિવસથી લઈને છેલ્લા દિવસ સુધી વારંવાર નવું નવું વાંચવા, વિચારવા પ્રોત્સાહિત કરતા, મારા જ્ઞાનમાં વૃધ્ધિ કરનાર માર્ગદર્શકની આદરપૂર્વક નોંધ લઈને કહું તો કુટુંબના એક સભ્ય તરીકે તેમણે મને સાચવી છે. મારા સંશોધનને બોજરૂપ બનતું અટકાવવા બદલ હું તેમનો નતમસ્તક આભાર માનું છું.

મારા સંશોધનમાં રસ લેતા રહેલા મ.સ.યુનિવર્સિટી, વડોદરાના ગુજરાતી વિભાગના તમામ અધ્યાપકો અને અનન્ય એવા મારા સંશોધનના સાક્ષી મિત્રો - પટેલ મૌલિકા, ઉમરેઠિયા ઉર્વશી, વાઘમશી સુશીલા, ટાંક કરણ, બાંભણિયા રાજેન્દ્ર, ગઢવી હીરેન, વ્યાસ દીપક, પરમાર હેમંત, ધોરિયા દીલીપ, મકવાણા ગિરીશ જેમણે મને હરહંમેશ પારિવારિક હૂંફ આપી છે. તેમજ મારા વિદ્યાર્થીઓ જેમની પાસેથી હું જીવનના ઘણા પાઠ ભણી છું. આમની હૂંફ વિના આ કામ ભાગ્યે જ થઈ શક્યું હોત તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

મારી આંખે જોવાયેલાં આ સ્વપ્નને પૂરું કરવા માટે હંમેશા પીઠબળ આપતા, અભ્યાસ માટેની અનુકૂળતાઓ ઊભી કરી આપનાર મારા માતા-પિતા, અને માતા-પિતા જેવા જ સાસુ-સસરા જેમણે મને ઘરના એક ખૂણામાં વાંચતી જોઈ હશે, અનેક સંઘર્ષોમાં પણ મારા માર્ગને હંમેશા સુઘડ બનાવવાનો પરિશ્રમ કરતા; મારા સ્વપ્નને અમારું બનાવનાર મારા પતિ અમિત કે જેમના સહકાર વગર આ સંશોધન યાત્રા અધુરી રહી ગઈ હોત! મારાં જીવનમાં જેના આવવાથી સદંતર પરિવર્તન આવી ગયું તે મારો નાનકડો પુત્ર આદ્ય; જેને મારી પાસેથી સમય ઓછો મળ્યો છે પરંતુ મને હંમેશા જાણે-અજાણ્યે અભ્યાસની મોકળાશ ઊભી કરી આપી. હંમેશા જેની પાસેથી હું હકારાત્મક બળ મેળવતી રહી છું તેવા મારા ભાઈ રાહુલ અને ભાભી જયશ્રી અને હા મારી બે ભત્રીજી પરી અને છબિને કેવી રીતે ભૂલાય! આ ઉપરાંત પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સાથ આપનાર પરિવારના દરેક સભ્યોને હું આ ક્ષણે યાદ કરું છું.

મારા સંશોધનને મુદ્રિતરૂપ આપનાર મિત્ર વ્યાસ દીપક જેમણે અનેક વ્યસ્તતાઓ વચ્ચે મારા કામને પ્રાથમિકતા આપી. હંસા મહેતા લાઈબ્રેરી અને તેમના સ્ટાફની પણ આભારી છું કારણ કે તેમણે મને હંમેશા પુસ્તકોની વ્યવસ્થા કરી આપી.

મારા માર્ગદર્શક, ગુરૂ, મિત્રો, વિદ્યાર્થીઓ, પરિવારના સભ્યોને કોઈપણ પ્રકારનાં વિશેષણોમાં બાંધ્યા વિના આ આનંદના સહભાગી લેખું છું અને તેમનું સ્મરણ કરીને અટકું છું.

આ રીતે થયેલું સંશોધન પૂર્ણતાએ પહોંચે છે ત્યારે અનેરા રોમાંચને અનુભવું છું. બીજું એ કે એનો આનંદ હૃદયમાં દબાવ્યે દબાતો નથી.

- પટેલ જલ્પાબહેન જયંતિલાલ

તા. ૭/૧૦/૨૦૧૪

સ્થળ, વડોદરા